## વડીલોને વંદન અભિનંદન



અંબુજી વી. વિહોલ
(૧૯૩૯) મો. ૯૯૨૪૨૩૬૦૭૦



ડૉ. અમૃતલાલ વિરચંદદાસ પટેલ
(૧૯૪૩) ફોન: ૨૩૨૨૫૪૭૫

## દેશની ૧૬૦ બેઠકોનું ભાવિ સોશ્યલ મીડિયા નક્કી કરશે

ગાંધીનગર, તા.૭

લોકસભાની આ વખતની ચુંટણીમાં ૫૪૩ સીટો પૈકી ૧૬૦ સીટો એવી છે જયાં યુવા મતદારો સોશ્યલ મિડીયા પર વધારે પ્રવૃત્ત છે અને એથી આ સીટોના પરિણામ તેઓ કોને મત આપે છે એના પર અવલંબે છે. આ વખતે ૧૦ કરોડ નવ મતદારો મતદાન કરવાના છે જે પૈકી નવ કરોડ મતદારો સોશ્યલ મિડીયા પર સક્રિય છે.

એક સર્વે અનુસાર આ ૯ કરોડ પૈકી એક તૃતીયાંશ એટલે કે ત્રણ કરોડ પાંચ લાખથી ઓછી વસ્તી હોય એવા શહેરોમાં રહે છે. ૨૫ ટકા આ નવા મતદારો બે લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં રહે છે. એવું માનવામાં આવે છે કે આ મતદારો માત્ર મતદાન કરશે એટલું જ નહી પણ તેઓ આસપાસના લોકોને પણ પ્રભાવિત કરશે.

૨૦૦૯માં એવું જોવામાં આવ્યું હતું કે કોંગ્રેસને એવી ૭૫ સીટો મળી હતી જેના પર હવે સોશ્યલ મિડીયાનો પ્રભાવ વધારે જોવા મળે છે. બીજેપીના કબજામાં આવી ૪૪ સીટો છે. એવુ માનવામાં આવે છે કે મતદાનના ૪૮ કલાક પહેલા જયારે પ્રચાર બંધ થઈ જાય છે ત્યારે સોશ્યલ મિડીયા પ્રભાવી અસર પાડશે. આથી આ બંને પાર્ટીઓએ એમની સોશ્યલ નેટવર્કિંગ મિડીયાની ખાસ ટીમો બનાવી છે.

# ભાવેશ લાખાણી અને અન્ય આગેવાન ભાજપમાં જોડાયા

### ભાજપના કાર્યાલયમાં ટોચના ઘણા સભ્યોની ઉપસ્થિતિમાં બિમલ શાહ અને અન્ય ભાજપમાં : મોદીની પ્રશંસા કરી

અમદાવાદ, તા.૦૭

લોકસભાનીચૂંટણી નજીક છે ત્યારે કોંગ્રેસમાં નિરાશાનો માહોલ યથાવત રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાવવાનો સિલસિલો યથાવત રીતે જારી રહ્યો છે. આજે પણ આ સ્થિતિ રહી હતી. ઘણા ટોચના કોંગ્રેસી સભ્યો ભાજપમાં સામેલ થઈ ગયા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પ્રદેશ ઉપપ્રમુખ કૌશિક પટેલ, કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા બાબુભાઈ, પ્રદેશ કોષાધ્યક્ષ સુરેન્દ્ર પટેલ અને નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદમાં ગુજરાત સરકારના પૂર્વ રાજ્યમંત્રી બિમલ શાહ અને વિધાનસભા પૂર્વ સ્પીકર શશીકાંતભાઈ લાખાણીના પુત્ર તેમજ કોંગ્રેસના પક્ષના પ્રદેશ મંત્રી ભાવેશભાઈ શશીકાંત લાખાણી સહિત અનેક આગેવાનો અને કાર્યકરો આજરોજ ભાજપમાં જોડાયા હતા. પ્રદેશ પ્રમુખ આરસી ફળદુએ આવકારતા જણાવ્યું હતું કે, પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિમાં દેશભરમાં નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદે લોકો ઝંખી રહ્યા છે. નરેન્દ્ર મોદી સૌને સાથે લઈને વિકાસ કરવાના અભિગમને દ્રષ્ટિ સમક્ષ રાખીને ભાવિ વડાપ્રધાન તરીકે ઉભરી રહ્યા છે ત્યારે સૌ કોઈ તેમને મદદરૂપ થવા આવે છે.

દેશ હિતનું વિચારનારાઓ અને દેશને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી આવે તે માટે ભારતીય જનતા પાર્ટીને પસંદ કરીને નરેન્દ્ર મોદીના હાથ મજબુત કરવા ભાજપમાં જોડાઈ રહ્યા છે તે સૌને અંતઃકરણપૂર્વક આવકારૂ છું. ફળદુએ વધુમાં જણાવ્યું હતું ભાજપ સરકારના પૂર્વ રાજ્યમંત્રી બિમલ શાહ થોડો સમય નિષ્ક્રિય રહ્યા હતા, તેઓ પુનઃ ભાજપમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તે માટે સક્રિય થાય છે.

## ગુજરાતમા ૧૮ થી ૧૯ વર્ષના ૯,૫૧,૧૭૪ નવા મતદારોને પહેલીવાર વોટિંગની તક

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે ૩૦ એપ્રિલે મતદાન યોજાશે ત્યારે ગુજરાતમાં ૧૮ થી ૧૯ વર્ષના ૯,૫૧,૧૭૪ નવા મતદારોને પહેલીવાર મતદાન કરવાની તક મશે એટલું જ નહી ૧૮ થી ૧૯ વર્ષના ૨૫ ટકાથી વધુ યંગ વોટર્સ જેઓ આ વખતે વોટિંગ કરીને ચુંટણીના પરિણામો બદલી શકે છે.

લોકસભાની ચુંટણીની વિગતો આપતા ગુજરાતના મુખ્ય ચુંટણી અધિકારી અનિતા કરવાલે કહ્યું હતું કે ગુજરાતની ૨૬ બેઠકો માટે ૩૦ એપ્રિલે મતદાન યોજાશે. જેમાં ૨,૦૮,૬૪,૮૬૩ પુરુષ મતદારો અને ૧,૯૦,૦૬,૪૪૭ મહિલા મતદારો તેમજ ૨૬૧ અન્ય મતદારો સહિત કુલ ૩,૯૧,૭૧,૫૭૧ મતદારો મતદાન કરશે. ગુજરાતમાં ૧૮ થી ૧૯ વર્ષના ૯,૫૧,૧૭૪ ફ્રેશ વોટર્સ છે. આ ઉપરાંત ૨૦ થી ૨૯ વર્ષના ૧,૦૦,૪૧,૩૭૬ વોટર્સ, ૩૦ થી ૩૯ વર્ષના ૧,૦૧,૦૨,૨૧૪ વોટર્સ, ૫૦ થી ૫૯ વર્ષના ૫૫,૮૩,૦૭૫ વોટર્સ, ૬૦ થી ૬૯ વર્ષના ૩૨,૦૬,૨૪૯, ૭૦ થી ૭૯ વર્ષના ૧૬,૦૨,૩૪૭ વોટર્સ અને ૮૦થી વધુ ઉંમરના ૫,૦૬,૮૮૬ વોટર્સ છે. ગઈ લોકસભાની ચુંટણી કરતા આ વખતે ગુજરાતમાં કુલ ૩૩,૮૭,૨૯૦ મતદારો વધ્યા છે.

## સે. ૨૮ દત્ત મંદિરે અઘોર કષ્ટ પાઠ

ગાંધીનગર, તા. ૭

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજની શતાબ્દી વર્ષ નિમિત્તે આજરોજ રાત્રે ૮.૩૦ કલાકે, સે. ૨૮ દત્ત મંદિર ખાતે અઘોરકષ્ટ સ્તોત્ર પાઠ કરવામાં આવશે. પાઠમાં નગરની ધર્મપ્રેમી જનતાને પધારી લાભ લેવા આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

## માર્ગ અને મકાન વિભાગનો રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૭

માર્ગ અને મકાન વિભાગ દ્વારા થેલેસેમી પિડિત બાળ દર્દીઓ માટે રકતદાન કેમ્પ ગઈ કાલે સચિવાલય ભોંયતળિયે યોજવામાં આવ્યો હતો. રકતદાન કેમ્પમાં રેડક્રોસ સોસાયટી કલોલ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

શિબિરમાં સચિવાલયના તમામ વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓએ રકતનું દાન કર્યું હતું અને ૧૪૦ યુનિટ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના મૂક સેવક જી.એન. ખારોડ વસાહત મંડળના પ્રમુખ અરુણભાઈ બુચ તેમજ કેમ્પને સફળ બનાવવામાં વિભાગના જયેશ ધ્રુવ, એલ.ટી. ઓઝા હિતેશ અંધારિયા, એસ.ડી. મોઢા, સી.જી. કાસવા અને મિત્ર મંડળે સહયોગ આપ્યો હતો.

## અમદાવાદમાં આવેલ માઉન્ટ કાર્મેલ વિદ્યાર્થીનીએ ઝેરી દવા પીતા ભારે ચકચાર

અમદાવાદ, તા.૦૭

અમદાવાદના મિરજાપુર વિસ્તારમાં આવેલ માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરવી વિદ્યાર્થીનીએ ઘરે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી મુજબ શાળામાં મસ્તી કરતા શિક્ષકે વિદ્યાર્થીનીને ઠપકો આપતા તેણે આ પગલું ભર્યું છે. જો કે આ મામલે કોઈ પોલીસ ફરીયાદ નોંધવામાં આવી નથી.

તાજેતરમાં શાળાઓમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ટોર્ચર કરવાના બનાવો વધારે થઈ રહ્યા છે. તેવામાં આજે શાહપુરમાં રહેતી અને મિરજાપુરની માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ઘરે ઝેરી દવા પી લેતા તેને સારવાર અને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

સમગ્ર મામલે વિદ્યાર્થીનીનો પરીવાર બચાવ કરી રહ્યો છે કે માતા-પુત્રી વચ્ચે રસોઈ બનાવવાના મુદ્દે બોલચાલ થતા દિકરીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બીજી તરફ લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે શાળાના શિક્ષકે મસ્તી કરતી વિદ્યાર્થીનીને ઠપકો આપતાં ડિપ્રેશનમાં આવી વિદ્યાર્થીનીએ ઝેરી દવા પીવા સુધીનું પગલું ભર્યું હતું. જો કે સમગ્ર મામલે શાળા સંચાલકો મગનું નામ મરી પાડવા તૈયાર નથી. તો બીજી બાજુ વિદ્યાર્થીના માતા-પિતાએ પણ પોલીસ ફરીયાદ કરવાનું ટાળી સમગ્ર મામલે ઢાંક પીછાડ કરવાનો પ્રયત્ન કર્યો છે.



ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ ખુબ જ સારી થાય છે. એ દર્શાવતા કાર્યક્રમોની જાણે હાલ સીઝન ચાલી રહી છે. ટાઉનહોલ ખાતે સેક્ટર-૮ સ્થિત 'લીટલ એન્જલ' સ્કૂલનો વાર્ષિક ઉત્સવ ઉજવાઈ ગયો. સવારે ૧૦ વાગે રાખવામાં આવેલ આ કાર્યક્રમમાં દેશભક્તિ, વેસ્ટર્ન ડાન્સ, ફિલ્મી ડાન્સ, લોકનૃત્ય તેમજ ડ્રામાની કૃતિઓની સુંદર રીતે રજુ કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ડૉ. શ્રીમતી કમલાજીનો સંદેશ

ગાંધીનગર, તા. ૭

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ તેમના સંદેશમાં જણાવ્યું છે કે દેશ અને સમાજની ઉન્નતિમાં મહિલાઓની હિસ્સેદારી મહત્વની છે. દેશમાં આજે મહિલાઓ વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તથા વ્યવસાયોમાં તેમનું સક્રિય યોગદાન કરી રહી છે અને આપણા રાષ્ટ્રનું નામ રોશન કરી રહી છે, તે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

મહિલાઓના વિકાસ માટે તેમના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવાની જરૂરીયાત છે, તેમ જણાવી તેમણે કહ્યું હતું કે મહિલાઓ અને બાલિકાઓના શિક્ષણ માટેના પ્રયાસો સઘન બનાવવા જોઈએ.

તેમણે જણાવ્યુ હતું કે ગ્રામીણ ક્ષેત્રમાં મહિલાઓની આર્થિક-સામાજિક ઉત્કર્ષની પ્રક્રિયા ગતિશીલ બનાવવા માટે મહિલા સશક્તિકરણ એ એક બુનિયાદી જરૂરીયાત છે. તેમણે સામાજિક સેવાભાવી સંસ્થાઓ સહિત સૌને આ ઉમદા પ્રયાસોમાં ભાગીદાર બનવા અનુરોધ કર્યો હતો.

# મતદારો માટે નવમી માર્ચના દિવસે કેમ્પનું આયોજન થશે

### લોકસભા ચૂંટણી મુક્ત, ન્યાયિક, પારદર્શક વાતાવરણમાં યોજાય તે માટે પંચ દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવાયા

અમદાવાદ, તા.૦૭

લોકશાહીની આધારશીલા સમાન લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ મુક્ત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ભારતનાં ચૂંટણી પંચે તમામ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે. મતદારો નિર્ભતાથી કોઈપણ લોભ-લાલચ કે શેહ-શરમમાં આવ્યા વગર સરળતાથી તેમના મતાધિકારનો ઉપયોગ કરી તેમની પસંદગીનો લોકપ્રતિનિધિ ચૂંટી શકે એ લોકશાહી પાયાની બાબત છે.

મતદારો મતદાર યાદીમાં તેમના નામની ચકાસણી કરી શકે અને જો તેમનું નામ ન હોય તો નામની નોંધણી કરાવી મતદાનનો દિવસ સરળતાથી મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચે રાષ્ટ્રનાન તમામ મતદાન મથકો પર એક દિવસનો વિશેષ કેમ્પ યોજવાનું આયોજન કર્યું છે. ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી અનીતા કરવલે જણાવ્યું છે કે, ભારતનાં ચૂંટણી પંચની સૂચના અનુસાર આગામી લોકસબાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની જાહેરાત બાદ પ્રથમ રવિવારના દિવસે મતદારો માટે તેમના નામ ચકાસણી અને નોંધણી માટેનો કેમ્પ યોજવાનો રહે છે. તદાનુસાર આગામી ૯મી માર્ચે રવિવારના દિવસે ગુજરાતના તમામ ૪૫,૩૧૩ મતદાન મથકોએ મતદારો માટે સવારે ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી વિશેષ કેમ્પ યોજવામાંાવનાર છે.

કરવલે જણાવ્યું કે આગામી તા. ૯મી માર્ચના રોજ બુથ લેવલ ઓફિસર (બીએલઓ) તેમના સંબંધિત મતદાન મથકો પર મતદાર યાદી સાથે હાજર રહેશે અને મતદારોને તેમનું નામ તેમના મતદાન મથકની મતદાર યાદીમાં છે કે નહીં તેની જાણકારી આપશે. જો કોઈ મતદારનું નામ મતદાર યાદીમાં ન હોય તો બીએલઓ આવા મતદારોને ફોર્મ નંબર-૬ આપીને તેમનું નામ મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવા યોગ્ય માર્ગદર્શન આપશે, તેમ તેમણે ઉમેર્યું હતું. જે મતદારો પાસે ફોટો ઓળખકાર્ડ હોય તો પણ આ કેમ્પનો લાભ લઈ મતદાર યાદીમાં તેમનું નામ છે કે નહીં તેની વિગતો પ્રાપ્ત કરી શકશે, એમ તેમણે ઉમેર્યું હતું.



આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે બોપલ ખાતે પત્રકાર પરિષદ યોજીને સરકાર ઉપર પ્રહારો કર્યા હતા.

## સમસ્તા બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા ૨૭મી એપ્રિલે જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૭

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આગામી ૨૭ એપ્રિલ ૨૦૧૪ના રોજ જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરાયેલું છે. જે માટેના ફોર્મ ૧૫મી માર્ચ સુધી ભરવાના રહેશે. ૨૦૧૩ના વર્ષના ફોર્મ રદ કરવામાં આવેલ છે. નવેસરથી ફોર્મ ભરવાના રહેશે.

## ભટ્ટ સહિત બે કોન્સ્ટેબલની બદલીના ઓર્ડર છુટા કરાયા

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના પોલીસ અધિકારી તરલ ભટ્ટ અને બે કોન્સ્ટેબલે શંકાસ્પદ વ્યક્તિ તરીકે એક રીક્ષાવાળાની અટકાયત કરી માર મારી ગોંધી રાખવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટે આક્રમક વલણ દાખવી તરલ ભટ્ટ સહિત બે કોન્સ્ટેબલની અમદાવાદ બહાર બદલી કરવા આદેશ આપ્યો હતો. ઉપરાંત આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા શું પગલાં લેવાયા તેનો તપાસ રિપોર્ટ રજુ કરવા સરકારનો આદેશ આપવામાં આવ્યો છે. આ મામલામાં ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ તરલ ભટ્ટની ગુજરાત પોલીસ વડાએ આજે સવારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં બદલીનો ઓર્ડર કર્યો છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના પોલીસ અધિકારી તરલ ભટ્ટ અને બે કોન્સ્પેબલે એક રીક્ષાવાળાને ગુનાહીત કૃત્યમાં શંકાના આધારે અટકાયત કરી હતી અને તેમને મુઢ માર મારી ગોંધી રાખવામાં આવ્યો હતો.

આ અંગે રીક્ષાવાળાના પત્નીએ ગુજરાત હાઈકોર્ટમાં હેબિયર્સ કોર્પની અરજી દાખલ કરી હતી અને તેમણે અરજીમાં જણાવ્યું હતું કે મારા પતિને પોલીસ ખોટી રીતે ઉપાડી લઈ ગઈ હતી અને તેમને મુઢ માર મારી ગોંધી રાખવામાં આવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટે આ ઘટનાની ગંભીરતા લઈ રીક્ષાચાલકને ગેરકાયદેસર રીતે પકડી માર મારવાના મુદ્દે ક્રાઈમબ્રાન્ચના તરલ ભટ્ટ અને બે કોન્સ્ટેબલની અમદાવાદ બહાર બદલી કરવા શહેર પોલીસ કમિશ્નર અને ચૂંટણીપંચને નિર્ણય લેવા નિર્દેષ જારી કર્યો હતો. જેના અનુસંધાનમાં ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ તરલ ભટ્ટની ગુજરાત પોલીસ વડાએ આજે સવારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં બદલીનો ઓર્ડર કર્યો છે. બદલીનો આ ઓર્ડર ઈલેક્શન કમિશનરને પણ મોકલી આપવામાં આવ્યો છે આ ઓર્ડર જાહેર થતાંની સાથે જ તેમને છુટા કરવા હોવાનું જાણવા મળ્યું છે. કોર્ટે નોંધ્યું છે કે પોલીસકર્મીઓએ આરોપીને ગેરકાયદે કસ્ટડીમાં રાખ્યા હોવાનું સાબીત થશે તો પોલીસ કર્મીઓએ આરોપીને વળતર પણ ચુકવવું પડશે. પોલીસે કાયદાની મર્યાદામાં રહીને પગલા ભરવાના હોય છે.

## શબ્દાવલી - ૫૩૩૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | ■ | ૬ | | | | ૭ |
| ૮ | | | ■ | ■ | ■ | ૯ | ૧૦ |
| | | ■ | ૧૧ | ૧૨ | ■ | ■ | |
| ■ | ■ | ૧૩ | | | | ૧૪ | |
| ■ | ■ | ૧૫ | | | ■ | | ■ |
| ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. હિંદુઓનું ધર્મસ્થાન (૩)
૫. દિવસ (૨)
૬. દૃષ્ટિચૂક, શરતચૂક (૫)
૮. વાચનાર વર્ગ (૩)
૯. દેવું (૨)
૧૦. બી ગયા, ડરી ગયા (૨)
૧૧. ખરલ, વાટવાનો પથ્થર (૨)
૧૩. ગોલમાલ (૬)
૧૫. પથ્થર, ખરાબો (૩)
૧૬. બ્રેડનો એક પ્રકાર (૨)
૧૮. આગળ વધવું (૩)
૨૦. હરિભક્તો (૫)
૨૧. કાર્ય (૨)

### ઊભી ચાવી

૧. માંદગી (૪)
૨. રોજનીસી, દિવસનું કાર્ય (૪)
૩. હાથી (૨)
૪. ચોક્કસ (૩)
૭. દેવાદાર (૪)
૧૧. જર્જરીત, જૂનું પુરાણું (૫)
૧૨. ... ખેલ મેં ખોયા... જવાની નીંદ ભર સોયા... બુઢાપા દેખ કર રોયા... (૫)
૧૩. બખોલ (૨)
૧૪. સુગંધી સ્વાદિષ્ટ લાકડું (૨)
૧૬. પાવૈયા, હીજડા (૨)
૧૭. ગરમ (૨)
૧૯. રાજય, રહસ્ય (૨)

### શબ્દાવલી ૫૩૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) આફત (૪) સુપર્ણખા (૭) ફનકાર (૯) જોબન (૧૧) આડુ (૧૩) વન-વે (૧૪) અવધ (૧૬) દવે (૧૮) નુતન (૧૯) કુલીનતા (૨૧) માલ (૨૩) તલાવડી

**ઊભી ચાવી :-** (૧) આફરો (૨) ફન (૩) તકાજો (૫) પક્ષી (૬) ખાસડુ (૮) રબ (૧૦) નવશેકુ (૧૧) આવેદન (૧૨) જવતલ (૧૪) અનુમાન (૧૫) ધન (૧૭) વેતાળ (૨૦) લીમડી (૨૨) તોલા

## અન્નનળીમાં રહેલી ગાંઠને તાત્કાલિક સર્જરી દ્વારા દૂર કરી દર્દીનો જીવ બચાવ્યો

અમદાવાદ, તા. ૭

છેલ્લા એક મહિનાથી કઠણ ખાદ્ય પદાર્થ ખાવામાં તકલીફ અનુભવતા એક યુવાન દર્દીને કાઈજેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેની અન્નનળીના ઉપરના ભાગે મોટી ગાંઠ હોવાનું તેના એન્ડોસ્કોપી રિપોર્ટમાં જણાયું હતું. ગાંઠને લીધે તેની અન્નનળી સંકોચાઈ રહી હોવાનું સિટી સ્કેન અને બ્રોન્કોસ્કોપીમાં બહાર આવ્યું હતું. આ યુવાનને અચાનક જ શ્વાસોચ્છ્વાસની તકલીફ પણ થવા લાગતાં તેના જીવન સામે ઉભા થયેલા જોખમને કારણે ડૉક્ટરોએ તેની તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લીધો હતો.

ગુજરાતના જાણીતાં સર્જિકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજિસ્ટ ડૉ. સંજીવ હરિભક્તિએ ગાંઠ ધરાવતી અન્નનળીને દૂર કરી તેના પેટમાંથી નવી અન્નનળી બનાવી તેને પ્રત્યારોપિત કરવાની આ જટિલ સર્જરી પાર પાડી હતી. ડૉ. હરિભક્તિ અને તેમની ટીમે થોરેસિક સર્જનની મદદથી આ ઈમરજન્સી રાઈટ થોરેકોટોમી સર્જરી હાથ ધરી ટ્યૂમરવાળી અન્નનળી દૂર કરી હતી. આટલી મોટી ગાંઠ દૂર કરી નવી અન્નનળી તૈયાર કરવામાં ડોક્ટરોને ૬ કલાક જેટલો સમય લાગ્યો હતો. અમદાવાદની કાઈજેન હોસ્પિટલના સર્જિકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી વિભાગના ચેરમેન ડૉ. સંજીવ હરિભક્તિએ જણાવ્યું કે આ પ્રકારની ગાંઠ વિશ્વમાં ભાગ્યે જ જોવા મળે છે.

કાઈજેન હોસ્પિટલના ડિરેક્ટર ડૉ. કે.એસ. પટેલે જણાવ્યું કે ગાંઠના પેથોલોજી રિપોર્ટમાં તે ભાગ્યે જ જોવા મળતી પૂઅર્લી ડિફ્રન્શિયેટેડ એપિથેલોઈડ સર્કોમાં હોવાનું જણાયું હતું. આવી ભાગ્યે જોવા મળતી ગાંઠના કિસ્સામાં અમેરિકાની હાવર્ડ મેડિકલ સ્કૂલનો મત લેવાયો હતો. દાના-ફાર્બર કેન્સર ઈન્સ્ટિટ્યૂટ, હાવર્ડ મેડિકલ સ્કૂલના ડૉ. ક્રિસ્ટોફર ડીએમ ફલેચરે પણ આ ગાંઠ ભાગ્યે જ જોવા મળતી હોવાનું જણાવ્યું હતું.

કાઈજેન હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડૉ. અતુલ શાહે જણાવ્યું હતું કે ઓપેરનશ પછીના સાત દિવસે દર્દીએ મોઢાથી ખોરાક લેવાની શરૂઆત કરી હતી. તેને ૧૨મા દિવસે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હવે તેઓ સામાન્ય માણસની જેમ ખોરાક લઈ શકે છે અને તેમને શ્વાસ લેવામાં પણ કોઈ તકલીફ નથી પડતી. તેઓ હવે પહેલાંની જેમ સામાન્ય જીવન જીવી રહ્યાં છે.

## શહેર કોંગ્રેસ દ્વારા પદયાત્રા થઈ : ઘણા કાર્યકરો જોડાયા

અમદાવાદ શહેરમાં શુક્રવારના રોજ બહેરામપુરા વોર્ડમાં અલ્લાનગર વિસ્તારમાં પદયાત્રાનો કાર્યક્રમ હતો તેમાં મ્યુનિ. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખ, પૂર્વ મેયર હિંમતસિંહ પટેલ, શહેર કોંગ્રેસ મહામંત્રી તસલીમભાઈ મીરમીઝી તથા શહેરમંત્રી જફર અજમેરી, આઈટી સેલના જફર શેખ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો તથા પ્રજાજનો જોડાયાં હતા. જેમાં કાર્યકરો પ્રજા પાસે જઈ યુપીએ સરકારની સિદ્ધીઓ જેવી કે અન્ન તથા પોષણનો અધિકાર, વ્યાજબી વળતર, અને જમીન સંપાદનમાં પારદર્શિતાનો અધિકાર છે. મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર, રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન, ફેરીયાઓ અને પાથરણાં વ્યવસાયિક હક્ક, માહિતીનો અધિકાર, મહિલા સુરક્ષા કાનુન, જેએનયુઆરએમ, વન અધિકાર કાનુન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર, સમગ્ર દેશમાં રોડ સસ્તા અને ફલાયઓવર ગ્રામ્ય વિસ્તારમાં ટેલીફોન કનેકશન રોડ રસ્તા વિજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને ભારતનિર્માણ જેવી સિદ્ધીઓ યુપીએ સરકારે હાંસલ કરેલ છે. જેનાથી પ્રજાને ઉજાગર કરેલ અને ભાજપ સરકારની નિષ્ફળતા અને કરેલા ભ્રષ્ટાચારથી અને છેલ્લા વર્ષમાં મોદી સરકારનાં મિશન કમિશન દ્વારા ૧૭ કૌભાંડમાં રૂા. એક લાખ કરોડનો નંબર વન ભ્રષ્ટાચાર કરેલ છે જેથી લોકોને માહિતાગર કર્યા હતા.

## પોલીસની સાથે અથડામણ મામલે આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.૦૭

પોલીસ સાથેની મુઠભેડ તથા આગ્રાના વેપારીના અપહરણ મામલામાં વોન્ટેડ એવા ચંબલની બિહડના ડકૈત પાતીરામ ગુર્જરનો સાગરિત બદનસિંહની અંતે ક્રાઈમબ્રાંચે ધરપકડ કરી. ક્રાઈમબ્રાન્ચની ટીમે આરોપી બદનસિંહ ઉર્ફે છોટેલાલ ઉર્ફે બલ્લુ હેમતસિંહ ચૌહાણ (ઉ.૨૬) ની શહેરના અમરાઈવાડી વિસ્તારમાંથી સતત વોચ ગોઠવીને ઝડપી પાડવામાં સફળતા મળી છે આરોપીની કડક પૂછપરછ હાથ ધરતા ચોંકાવનારી માહિતી જાણવા મળી કે, તે ચાર-પાંચ વર્ષે અગાઉ ધોલપુરથી અમદાવાદ આવ્યો હતો. ત્યારબાદ તે રીક્ષામાં દેહવિક્રયની ધંધો કરતી મહિલાઓને લઈ ફરતો હતો. આ દરમ્યાન તેનો મિત્ર હનુમાનદાસ ધોલપુરથી અમદાવાદ આવ્યો અને તેમણે સાથે મળીને કોઈ આર્થિક રીતે સદ્ધર વ્યક્તિને ફસાવીને પૈસા પડાવવાનું આયોજન બનાવ્યું. તેના અંતર્ગત તેમણે એક સરિતા નામની મહિલાના મોબાઈલમાંથી નિતેન્દ્ર નામના વ્યક્તિનો નંબર લઈને કોઈ સપના નામની મહિલા સાથે અવારનવાર ફોન કરાવતો. આમ, નિતેન્દ્રને પ્રેમજાળમાં ફસાવી ડિસેમ્બર ૨૦૧૨માં ધોલપુર બોલાવ્યો. ત્યાં ચંબલના કુખ્યાત ડાકુ યાતીરામ તથા તેની ગેંગના સભ્યો હનુમાનદાસ તથા બલ્લુ, શંકર, સિયારામ, ભારત, મોનુ તથા દિલીપ વગેરે એ નિતેન્દ્રનું અપહરણ કરીને ચંબલ નદીના કિનારે આવેલ જંગલમાં તેને બંદી બનાવ્યો હતો. અને નિતેન્દ્રના મોબાઈલ ફોનથી તેના ઘરે રૂા. ૧૫,૦૦,૦૦૦ની ફિરોતીની માંગણી કરી હતી. આમ, ગેંગના સભ્યોએ નિતેન્દ્રને આ રીતે વીસથી પચ્ચીસ દિવસ જંગલમાં બંદી બનાવી રાખ્યો હતો.